# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪૧ તા.૨૬-૭-૧૭

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

**વિષયઃ- રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવામાં આવતી નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ(NMMS)ની પરીક્ષા બાબત.**

આથી તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે રાજ્યમાં નબળી આર્થિક સ્થિતિ ધરાવતાં તેજસ્વી વિદ્યાર્થીઓની માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ડ્રોપઆઉટ દર ઘટે તથા આ વિદ્યાર્થીઓ ધોરણ-૧૨ સુધી અભ્યાસ પૂર્ણ કરી શકે તે હેતુથી ધો.૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ(NMMS)નામની યોજના **MHRD NEW DILHI** તરફથી અમલમાં મુકવામાં આવેલ છે. રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા તા.૦૫-૧૧-૧૭, રવિવારના રોજ શિષ્યવૃત્તિ માટે લાભાર્થી વિદ્યાર્થીઓની પસંદગી કરવા માટે પરીક્ષા યોજવામાં આવશે.

આ પરીક્ષાના આવેદનપત્રો **www.sebexam.org** વેબસાઈટ પર તા.૧-૮-૧૭ થી ૩૦-૮-૧૭ દરમ્યાન ઓનલાઈન ભરવાના રહેશે.

❖ **પરીક્ષાનો કાર્યક્રમ :-**

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | **www.sebexam.org** વેબસાઈટ પર પરીક્ષા માટેનું આવેદનપત્ર ઓનલાઈન ભરવાનો સમયગાળો | તા.૧-૮-૧૭ થી ૩૦-૮-૧૭ |
| ૨ | પરીક્ષા માટેની ફી પોસ્ટ ઓફિસ ખાતે ભરવાનો સમયગાળો | તા.૧-૮-૧૭ થી ૩૧-૮-૧૭ |
| ૩ | શાળા દ્વારા ભરાયેલ આવેદનપત્રોની ચકાસણી કરી સીઆરસી. કક્ષાએ જમા કરાવવાની અંતિમ તારીખ | ૦૬-૯-૧૭ |
| ૪ | પરીક્ષા તારીખ | ૫-૧૧-૧૭ |

❖ **શિષ્યવૃત્તિની રકમ તથા ચૂકવણીના નિયમો :-**

- પરીક્ષા બાદ મેરીટમાં આવતા વિદ્યાર્થીઓને માસિક રૂા.૫૦૦/- લેખે વાર્ષિક રૂા.૬૦૦૦/- શિષ્યવૃત્તિ ચૂકવાશે.
- શિષ્યવૃત્તિની રકમની ચૂકવણી ભારત સરકારના માનવ સંસાધન અને વિકાસ મંત્રાલય(એમ.એચ.આર.ડી.) ન્યુ દિલ્હી દ્વારા લાભાર્થી વિદ્યાર્થીઓના બેંક ખાતામાં થશે.

❖ **ઉમેદવારની લાયકાત :-**

- જે વિદ્યાર્થીઓ ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૮માં સરકારી પ્રાથમિક શાળાઓ, ગ્રાન્ટેડ શાળાઓ, ખાનગી શાળાઓ અથવા લોકલ બોડી સ્કૂલમાં અભ્યાસ કરતા હોય તેવા ઉમેદવાર NMMSની પરીક્ષા આપી શકશે.
- જનરલ કેટેગરીના ઉમેદવારે ધો.૭માં ઓછામાં ઓછા ૫૫% ગુણ કે સમકક્ષ ગ્રેડ મેળવેલ હોવો જોઈએ.અનુસૂચિત જાતિ(SC) અને અનુસૂચિત જનજાતિ(ST) ઉમેદવારે ધો.૭માં ઓછામાં ઓછા ૫૦% ગુણ કે સમકક્ષ મેળવેલ હોવા જોઈએ.
- તમામ કેટેગરીના ઉમેદવારના વાલીની વાર્ષિક આવક રૂા.૧,૫૦,૦૦૦/- થી વધુ ના હોય તેવા જ ઉમેદવાર આ પરીક્ષા આપી શકશે.

❖ **આવક મર્યાદા :-**

- NMMSની પરીક્ષા માટે નક્કી થયા મુજબ ઉમેદવારના વાલીની વાર્ષિક આવક રૂા.૧,૫૦,૦૦૦/- થી વધારે ના હોવી જોઈએ. વિદ્યાર્થીના આવેદનપત્ર સાથે વાલીની વાર્ષિક આવકના દાખલા ની પ્રમાણિત નકલ અવશ્ય જોડવાની રહેશે.

❖ **પરીક્ષા ફી :**

- જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓ માટે પરીક્ષા ફી રૂા.૭૦/- રહેશે.
- એસ.સી. તથા એસ.ટી. કેટેગરીના વિદ્યાર્થીઓ માટે પરીક્ષા ફી રૂા.૫૦/- રહેશે.
- સર્વિસચાર્જ અલગથી ચૂકવવાનો રહેશે.
- કોઈપણ સંજોગોમાં ભરેલ ફી પરત આપવામાં આવશે નહી.

❖ **પ્રશ્નપત્રોનો ઢાંચો અને ગુણ :-**

| કસોટીનો પ્રકાર | પ્રશ્નો | ગુણ | સમય |
|---|---|---|---|
| ૧.MAT બૌદ્ધિક યોગ્યતા કસોટી | ૯૦ | ૯૦ | ૯૦ મિનીટ |
| ૨.SAT શૈક્ષિક યોગ્યતા કસોટી | ૯૦ | ૯૦ | ૯૦ મિનીટ |

❖ **કસોટીનું માળખું :**

- પરીક્ષાનું માળખું અંગ્રેજી તેમજ ગુજરાતી રહેશે.
- આ કસોટી બહુવિકલ્પ સ્વરૂપની અને વિવિધ હેતુલક્ષી સ્વરૂપની(Multiple choice Question Based - MCQS) રહેશે.
- આ કસોટીનો સળંગ સમય ૧૮૦ મિનીટનો રહેશે.
- દરેક પ્રશ્નનો એક ગુણ રહેશે.
- આ કસોટીના મુલ્યાંકનમાં કોઈનકારાત્મક મુલ્યાંકન રહેશે નહીં.

નોંધ :- અંધ ઉમેદવારોને પરીક્ષામાં નિયમ અનુસાર વધારાનો સમય મળવાપાત્ર થશે.

❖ **ઓન લાઈન અરજી કરવાની રીત :**

આ જાહેરાતના સંદર્ભમાં રાજય પરીક્ષાબોર્ડ દ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે.ઉમેદવાર તા.૧-૮-૧૭ (બપોરના ૧૪.૦૦) થી તા.૩૦-૮-૧૭ (બપોરના ૨૩.૫૯ કલાક સુધી ) દરમ્યાન **www.sebexam.org** પર અરજીપત્રક ભરી શકાશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે. અરજીપત્રક **Confirm** કર્યા પછી જ અરજી માન્ય ગણાશે.

- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ **www.sebexam.org** પર જવું
- **Apply online** ઉપર **Click** કરવું
- **National Means cum Merit Scholarship-NMMS(Std-8)** સામે **Apply Now** પર **Click** કરવું.
- **Apply Now** પર **click** કરવાથી **Application Format** દેખાશે **Application Format** માં સૌ પ્રથમ માગવામાં આવેલ તમામ માહિતી ભરવાની રહેશે.
- હવે **Save** પર **Click** કરવાથી તમારો **Data Save** થશે. અહી ઉમેદવારનો **Application Number Generate** થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.
- હવે પેજના ઉપરના ભાગમાં **Upload Photo-Signature** પર **Click** કરો. અહી તમારો **Application Number Type** કરો અને તમારી **Birth Date Type** કરો. ત્યાર બાદ **Submit** પર **Click** કરો. અહી **Photo** અને **Signature upload** કરવાના છે.
- **Photo** અને **Signature upload** કરવા સૌ પ્રથમ તમારો **Photo** અને **Signature JPG format**માં **(10 KB)** સાઈઝથી વધારે નહી તે રીતે **Computer**માં હોવો જોઈએ **Browse Button** પર **Click** કરો હવે **Choose File** ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં **JPG format**માં તમારો **Photo Store** થયેલ છે. તે ફાઈલને **Select** કરો અને **Open Button** ને **Click** કરો. હવે **Browse Button** ની બાજુમાં **Upload Button** પર **Click** કરો હવે બાજુમાં તમારો **Photo** દેખાશે. હવે આજ રીતે **Signature** પણ **Upload** કરવાની રહેશે.
- હવે **Confirm Application** પર **Click** કરો. અહી તમારો **Application Number Type** કરો અને તમારી **Birth Date Type** કરો. ત્યારબાદ **Submit** પર **Click** કરો.જો અહિ અરજીમાં સુધારો કરવાનો જણાય તો **Edit Application** ઉપર **Click** કરીને સુધારો કરી લેવો. અરજી **Confirm** કર્યા પહેલાં કોઈ પણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી **Confirm** થઈ ગયા બાદ અરજીમાં કોઈપણ જાતનો સુધારો કરી શકાશે નહીં.
- જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ **Confirm** પર **Click** કરવું. **Confirm** પર **Click** કરવાથી ઉમેદવારની અરજીનો બોર્ડમાં **Online** સ્વીકાર થશે તથા તે બાદ જ માન્ય ગણાશે.
- હવે **Print Application & Fee Challan** પર **Click** કરવું. અહી તમારો **Confirmation Number Type** કરો અને તમારી **Birth Date Type** કરો ત્યારબાદ **Submit** પર **Click** કરો.
- અહિથી તમારી અરજીપત્રકની તથા ફી ચલણની પ્રિન્ટ કાઢી લેવી.
- ત્યારબાદ ફી ચલણની સ્લીપ ગુજરાતની કોઈપણ કોમ્પ્યુટરાઈઝ ભારતીય પોસ્ટ ઓફિસની શાખામાં ફી રોકડામાં અથવા ઓનલાઈન પેમેન્ટ ગેટ વે દ્વારા **ATM CARD/ NET BANKING** થી પરીક્ષા ફી ભરી શકાશે.

❖ **જરૂરી આધારો / પ્રમાણપત્રો**

ઓનલાઈન ભરેલ આવેદનપત્રની પ્રિન્ટ કાઢી તેની સાથે નીચે મુજબના આધારો/ પ્રમાણપત્રો જોડવાના રહેશે.

- ફી ભર્યાનું ચલણ (માત્ર **SEB** કોપી)
- આવકના દાખલાની પ્રમાણિત નકલ

- ધો.૭ની માર્કશીટ અથવા સમકક્ષ પુરાવો કે દાખલો
- જાતિ અંગેના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ (જો લાગુ પડતું હોય તો)
- વિકલાંગતા અંગેના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ (જો લાગુ પડતું હોય તો)

❖ **શાળાએ કરવાની કાર્યવાહી :**

- વિદ્યાર્થીઓને પરીક્ષા માટેના આવેદનપત્રો ઓનલાઈન ભરી આપવાની સંપૂર્ણ જવાબદારી જે તે શાળાની રહેશે.
- શાળાએ ભરાયેલા તમામ ઓનલાઈન આવેદનપત્રો ઉપર મુખ્ય શિક્ષકશ્રીના સહિ-સિકકા કરી જરૂરી આધારો/ પ્રમાણપત્રો સાથે તા.૬-૯-૧૭ સુધીમાં સી.આર.સી.કો.ઓર્ડિનેટરને જમા કરાવવાના રહેશે.

❖ **અગત્યની નોંધ :**

- વિદ્યાર્થીઓ અથવા શાળા દ્વારા તેમના આવેલ આવેદનપત્રો રાજ્ય પરીક્ષા બોર્ડમાં સીધા મોકલવામાં આવશે તો તે રદ ગણવામાં આવશે.
- અરજી ફોર્મ ચોકસાઈપૂર્વક ઓનલાઈન ભરવાનું રહેશે. નામ,અટક, જન્મ તારીખ, જાતિ કે અન્ય કોઈ બાબતે પાછળથી બોર્ડ દ્વારા સુધારો કરી આપવામાં આવશે નહીં, જેની ખાસ નોંધ લેવી.
- અરજી ફોર્મ ભરવામાં કોઈપણ પ્રકારની મુશ્કેલી જણાય તો વેબસાઈટ પર આપવામાં આવેલ ફોન નંબરનો સંપર્ક કરવો.
- વિદ્યાર્થી હિતને ધ્યાને લઈ ઉચ્ચ પ્રાથમિક શાળાએ ઓછામાં ઓછા પાંચ વિદ્યાર્થીઓનાં આવેદનપત્ર ભરાય તેવા પ્રયત્નો કરવાના રહેશે. શાળા કક્ષાએથી વધારેમાં વધારે બાળકો ભાગ લે તેવા પ્રયત્નો કરવાના રહેશે.
- અરજી ફોર્મ ભરતી વખતે તાલુકામાં સ્કૂલ બોર્ડ સંચાલિત તમામ શાળાઓએ AMC દર્શાવવાનું રહેશે.

તા. ૨૬-૭-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી